પ્રસાર ભારતી

સમાચાર વિભાગ,આકાશવાણી, અમદાવાદ

Date: 25-11-2026 **Evening: 7.50 TO 8.00**

Day: Wednesday **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

****

1) કેન્દ્રીય મંત્રીમંડળે આજે 5 મોટા નિર્ણયો લીધા. બાંધકામ અને માળખાગત સાધનો ઉત્પાદન ક્ષેત્રને વેગ આપવા **11,000** કરોડ રૂપિયાની યોજનાને મંજૂરી.

2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું , મહિલાઓની સલામતી, ગૌરવ અને આર્થિક સ્વતંત્રતા વિકાસ સાથે સાથે ચાલવી જોઈએ.

3) 57મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં 'સેલિબ્રેટિંગ ધ જોય ઓફ સિનેમા ' થીમ હેઠળ ભવ્ય ફ્લોટ પરેડનું આયોજન

4) રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે હિંદ મહાસાગરના કિનારાના દેશો વચ્ચે સહિયારા દરિયાઈ અને સભ્યતા સંબંધો પર ભાર મૂક્યો

5) વિદેશ મંત્રાલ યે જણાવ્યું ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી અને સૈન્ય સ્તરે વાતચીત યથાવત

6) મહિલા એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીના લીગ તબક્કાની અંતિમ મેચ માં ભારત અને જાપાન વચ્ચે મધ્યપ્રદેશમાં મુકાબલો

****

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

CABINET OVERALL

કેન્દ્રીય મંત્રીમંડળે આજે 5 મોટા નિર્ણયો લીધા છે , મંત્રીમંડળના નિર્ણયની જાહેરાત કરતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે બાંધકામ અને માળખાગત સાધનો (CIE) ઉત્પાદન ક્ષેત્રને વેગ આપવા માટે 11,000 કરોડ રૂપિયા ની યોજનાને મંજૂરી આપી છે.

(BYTE : ASHWINI VAISHNAV)

મંત્રીમંડળે તમિલનાડુના કામરાજર પોર્ટ લિમિટેડ ખાતે બીજા કન્ટેનર ટર્મિનલના વિકાસને મંજૂરી આપી હતી. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે આ ટર્મિનલ બંદરની કન્ટેનર અને ટ્રાન્સશિપમેન્ટ કાર્ગો હેન્ડલ કરવાની ક્ષમતામાં વધારો કરશે.

આ ઉપરાંત , કેબિનેટે આસામના સિલચરમાં ડોલુ ખાતે ગ્રીનફિલ્ડ એરપોર્ટના વિકાસને મંજૂરી આપી હતી, જેનો અંદાજિત ખર્ચ 2014 કરોડ રૂપિયા છે. નવું એરપોર્ટ વધતા મુસાફરોના ટ્રાફિકની જરૂરિયાતોને પૂર્ણ કરી શકશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે આ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એરપોર્ટ દક્ષિણ આસામ અને પડોશી રાજ્યોના આસપાસના વિસ્તારોની વધતી જતી હવાઈ ટ્રાફિક જરૂરિયાતોને પૂર્ણ કરશે.

મંત્રીમંડળે નાણાકીય વર્ષ 2026-27 થી 2030-31 સુધી પોસ્ટલ ઓપરેશન્સ પ્લાન ચાલુ રાખવાની પણ મંજૂરી આપી હતી.

(BYTE : VAISHNAV POSTAL NETWORK)

SHIVRAJ-NAYI CHETNA CAMPAIGN

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે મહિલાઓની સલામતી , ગૌરવ અને આર્થિક સ્વતંત્રતા વિકાસ સાથે સાથે ચાલવી જોઈએ. આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય લિંગ સમાનતા અભિયાન 'નયી ચેતના -પહેલ બદલાવ કી' ના પાંચમા સંસ્કરણના પ્રારંભ પ્રસંગે સભાને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું કે મહિલા સશક્તિકરણ ફક્ત તેમના અધિકારોનું રક્ષણ કરવા પૂરતું મર્યાદિત નથી , પરંતુ તેમાં તેમને નેતૃત્વ કરવા , નિર્ણયો લેવા અને સામાજિક અને આર્થિક વિકાસમાં સમાન રીતે ભાગ લેવા સક્ષમ બનાવવાનો પણ સમાવેશ થાય છે. મંત્રીએ જાગૃતિ અને સહાયક પદ્ધતિઓને પાયાના સ્તરે લઈ જવા માટે મહિલાઓના નેતૃત્વ હેઠળના સ્વ-સહાય જૂથોની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો , કહ્યું કે સમુદાય સંસ્થાઓ વધુ સમાન અને સમાવિષ્ટ સમાજ બનાવવા માટે એક મજબૂત બળ બની શકે છે.

(BYTE : SHIVRAJSINGH CHAUHAN)

HYD.-NASHA MUKT BHARAT

કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ વિદ્યાર્થીઓ અને યુવાનોને દેશની સૌથી મોટી સંપત્તિ અને ભવિષ્ય ગણાવ્યાં. તેમણે કહ્યું , કેફીપદાર્થોનો દુરુપયોગ યુવાનો, પરિવારો, સમાજ અને રાષ્ટ્રના ભવિષ્યનું જીવન બરબાદ કરી શકે છે.

શ્રી રેડ્ડીએ આજે હૈદરાબાદમાં ત્રણ દિવસની "નશામુક્ત ભારત" પદયાત્રાને લીલી ઝંડી આપ્યા બાદ ઉસ્માનિયા વિશ્વવિદ્યાલય પરિસરમાં આયોજિત કાર્યક્રમમાં કહ્યું કે પંજાબ જેવા રાજ્યોમાં યુવાનો કેફીપદાર્થોની સમસ્યાથી ગંભીર રીતે પ્રભાવિત થયા છે. કેફીપદાર્થોનું વ્યસન દરેક ઘર , શાળા, ઓફિસ અને વસાહત માટે ચિંતાનો વિષય બની રહ્યું છે.

GOA-IFFI WITH V/C

ગોવામાં આયોજિત 57મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં 'સેલિબ્રેટિંગ ધ જોય ઓફ સિનેમા ' વિષયવસ્તુ હેઠળ ભવ્ય ફ્લોટ પરેડ યોજાઈ. જેમાં રંગબેરંગી ફ્લોટ્સ, જીવંત સાંસ્કૃતિક પ્રદર્શન અને ગોવાના સમૃદ્ધ વારસાનું પ્રદર્શન કરાયું . મહોત્સવમાં ફિલ્મ મેરા નામ જોકરમાંથી અભિનેતા રાજ કપૂરની તેમની પ્રખ્યાત શૈલીમાં પ્રતિમા પણ ઉત્સવમાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

તો, કિર્ગિઝ ફિલ્મ 'સ્કાયલાર્ક' ના લેખિકા અને દિગ્દર્શક નરગીઝા દોટીવાએ જણાવ્યું કે આ ફિલ્મ કિર્ગિઝ્સ્તાનના સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકોના રોજિંદા જીવનથી પ્રેરિત છે. અમારા સંવાદદાતા પાસેથી એક એહવાલ સાંભળીએ.

(V/C : SAIRA)

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

MEA BRIEFING

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યુંભારત અને ચીન વચ્ચે રાજદ્વારી અને સૈન્ય સ્તરે વાતચીત ચાલુ છે. તેમણે માહિતી આપી કે તાજેતરમાં પૂર્વીય ક્ષેત્રમાં ઉચ્ચ સૈન્ય કમાન્ડરોની બેઠક માં બંને પક્ષો વચ્ચેની ચર્ચાઓ સરહદ વ્યવસ્થાપનમાં સુધારો કરવા અને વાસ્તવિક નિયંત્રણ રેખા પરના બાકી મુદ્દાઓના ઉકેલ પર કેન્દ્રિત હતી. તેમણે કહ્યું કે આવી વાતચીતનો ઉદ્દેશ્ય સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાનો અને તણાવ વધતો અટકાવવાનો છે.

અમેરિકા અંગેના એક પ્રશ્નના જવાબમાં , શ્રી જયસ્વાલે જણાવ્યું કે આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં 1700 ભારતીય નાગરિકોને અમેરિકામાંથી પરત મોકલવામાં આવ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સ્થળાંતર અને અવરજવર બાબતે ભારત અને અમેરિકા વચ્ચે સહયોગ છે અને ભારત ગેરકાયદેસર સ્થળાંતરની સખત વિરુદ્ધ છે.

DOVAL-CS CONCLAVE

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે હિંદ મહાસાગરના કિનારાના દેશો વચ્ચે સહિયારા દરિયાઈ અને સભ્યતા સંબંધ પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે દરિયો, દેશોને વિભાજીત કરવાની જગ્યાએ જોડવાનું માધ્યમ રહેવું જોઈએ. માલદીવના પાટનગર માલેમાં કોલંબો સુરક્ષા સંમેલનની 8મી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠકને સંબોધતા શ્રી ડોભાલે આ વાત કહી. તેમણે દરિયાઈ સુરક્ષા, પ્રાદેશિક સ્થિરતા અને આર્થિક સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા પ્રદેશના દેશો વચ્ચે ટકાઉ સહયોગ માટે હાકલ કરી. તેમણે કહ્યું કે હિંદ મહાસાગર ક્ષેત્રની સુરક્ષા અને સ્થિરતાના સહિયારા દ્રષ્ટિકોણ હેઠળ નવેમ્બર 2020માં કોલંબો સુરક્ષા સંમેલનની સ્થાપના કરવામાં આવી હતી. પ્રાદેશિક જૂથને મજબૂત બનાવવા ભારતની પ્રતિબદ્ધતાનો પણ શ્રી ડોભાલે પુનરોચ્ચાર કર્યો.

CJI - WOMEN ADVOCATES

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાન્તે કાયદાકીય વ્યવસાયમાં મહિલાઓની ભાગીદારી વધારવા પર ભાર આપ્યો. તેમણે વરિષ્ઠ વકીલોને અપીલ કરી કે તેઓ ખાતરી આપે કે તેમની ચેમ્બરમાં ઓછામાં ઓછા એક તૃતીયાંશ જુનિયર વકીલો મહિલાઓ હોય. તેમણે બારમાં તેમની ભાગીદારી અને પ્રતિનિધિત્વને મજબૂત બનાવવા પેનલ વકીલો તરીકે વધુ મહિલાઓની નિમણૂક કરવાની જરૂરિયાત પર પણ ભાર આપ્યો. નવી દિલ્હીમાં સિરી ફોર્ટ રમત ગમત સંકૂલમાં યોજાયેલા શ્રીમતી શશીપ્રભા સિંહ સ્મૃતિ સમારોહના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતાં મુખ્ય ન્યાયમૂર્તિએ આ વાત કહી.

SC - DELHI PROTEST

સર્વોચ્ચ અદાલતે આજે કેન્દ્ર અને દિલ્હી સરકારને ગત 10 ઓક્ટોબરના રોજ નવી દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર – CECના વિરોધમાં પ્રદર્શન દરમિયાન અટકાયત, ખાસ કરીને રાજકીય નેતાઓની અટકાયતનો આરોપ લગાવતી અરજીઓનો વ્યાપક જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી મોહનાની બનેલી ખંડપીઠે કેન્દ્ર અને દિલ્હી સરકારને 10 દિવસની અંદર જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

JAL SHAKTI MOU

જળ જીવન મિશનના બીજા તબક્કા હેઠળ પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ અને પાણી પુરવઠા પ્રણાલીઓ માટે સંચાલન અને જાળવણી કૌશલ્ય કાર્યક્રમ માટે તાલીમ મહાનિદેશાલય વચ્ચે આજે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા.

આ પહેલ હેઠળ , "નલ જલ મિત્ર" કૌશલ્ય તાલીમ કાર્યક્રમ શરૂ કરાશે. આ પહેલનો હેતુ ગ્રામીણ વિસ્તારોમાં પાઇપ પાણી પુરવઠા પ્રણાલીઓના સંચાલન અને જાળવણીમાં મદદ કરી શકે તેવા પ્રશિક્ષિત અને શ્રમિકોનો સમૂહ બનાવવાનો છે. દેશભરમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) અને રાષ્ટ્રીય કૌશલ્ય તાલીમ સંસ્થાઓ (NSTI) ના હાલના નેટવર્કનો ઉપયોગ કરાશે.

HOCKEY-WOMEN

મહિલા એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીના લીગ તબક્કાની અંતિમ મેચ હાલ ભોપાલમાં ભારત અને જાપાન વચ્ચે મેચ રમાઈ રહી છે. મધ્યપ્રદેશના ભોપાલમાં હોકી સ્ટેડિયમ ખાતે ચાલી રહેલા મુકાબલામાં ભારત જાપાન કરતાં 0-2થી આગળ છે. ભારતના ખેલાડી લાલરેમસિયામી હમારઝોટે અને દિપીકા કુમારીએ ભારતને સરસાઈ અપાવી. પોઈન્ટ ટેબલમાં ભારત હાલ પહેલા અને જાપાન બીજા ક્રમે છે.

VIRENDRA KUMAR-SAMAVESH

કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમારે આજે નવી દિલ્હીમાં SAMAVESH (સશક્તિકરણ અને સામાજિક સંવાદિતાના તમામ વર્ટિકલ્સ માટે સિંગલ એક્સેસ મિકેનિઝમ) અને નવા ઈ-અનુદાન પોર્ટલનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સભાને સંબોધતા ડૉ. કુમારે કહ્યું , આ પોર્ટલ મંત્રાલયની વિવિધ યોજનાઓના અમલીકરણને મજબૂત બનાવવામાં મદદ કરશે , દસ્તાવેજીકરણ ઘટાડશે , વહીવટી કાર્યક્ષમતામાં સુધારો કરશે અને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપશે. મંત્રીએ કહ્યું કે આ પહેલનો ઉદ્દેશ મંત્રાલય સાથે કામ કરતી સંસ્થાઓને એક સામાન્ય ડિજિટલ મંચ પર લાવવાનો છે.